# હાદી માસિક

બાળકો અને
નવયુવાનો માટે

સફર, હી.સ. ૧૪૩૪,
જાન્યુઆરી - ૨૦૧૩

અંક-૫૧




રૂા. 30/-



# ચેહલુમનો દિવસ

આજના દિવસે આપણે કેટલાંક કાર્યો અવશ્ય કરવા જોઈએ

★ અઝાદારીની મજલિસો કાયમ કરવી, કાળા વસ્ત્રો ધારણ કરવા અને ઈમામનું ચેહલુમ મનાવીને જગતવાસીઓ સમક્ષ કરબલાવાળાઓના આદર્શો મુકવા જોઈએ.

★ નવા વસ્ત્રો ધારણ કરવા - દુન્યવી કામો કરવા - હંસી ખુશીના મેળાવડાઓમાં શરીક થવું, મજાક - વગેરેથી દૂર રહેવું જોઈએ.

★ ઈમામ હસન અસ્કરી અ.સ.થી રિવાયત છે કે ‘મોમિનની પાંચ નિશાનીઓ છે (૧) દરરોજ વાજિબ અને મુસ્તહબ મળીને કુલ ૫૧ રક્અત નમાઝ (૨) ઝિયારતે અરબઈન (૩) જમણાં હાથમાં અંગૂઠી પહેરવી (૪) માટી ઉપર સજદો કરવો અને (૫) બિસ્મિલ્લા-હિર્રહમા-નિર્રહીમ મોટા સાદે કહેવું.’

તેથી આ દિવસે ગુસ્લ કરીને ઝિયારતે ઈમામ હુસૈન અ.સ. પઢવાનો ઘણો સવાબ છે. આ ઝિયારત ‘ઝિયારતે અરબઈન’ ના નામે પ્રખ્યાત છે અને દુઆઓ અને આઅમાલની કિતાબોમાં આ ઝિયારત વર્ણવવામાં આવેલી છે.







E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં
ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં
મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી
કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર
સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી
અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઇ.એ.એસ. (નિવૃત્ત)
શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in
વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com
ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org

સફર હીજરી સન ૧૪૩૪,
જાન્યુઆરી - ૨૦૧૩

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

મહોર્રમુલ હરામ કે જે માસ આપણાં માટે એક દીની પાઠશાળા હતો તે આવ્યો અને ઝડપથી પસાર થઈ ગયો. હવે પોતાની જાતે પોતાની પાસેથી હિસાબ લેવાનો સમય છે કે આ મોહર્રમના જમાનામાં "ફર્શે અઝાની પાઠશાળા" માંથી આપણે શું શીખ્યા અને તેનાથી આપણામાં શું ફેરફાર થયાં !

રસૂલ સ.અ.વ.ના દોહિત્ર (દીકરીના દીકરા ) હઝરત ઈમામ હુસૈન અ.સ.એ મદીનાથી નીકળતી વખતે જ પોતે શા કારણે આ કમાલ અને ખુરૂજ કરી રહ્યાં છે તેના ધ્યેય પણ સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી દીધાં હતાં જેથી લોકોની વિચારધારા કોઈ અન્ય દિશામાં ફંટાઈ ન જાય.

આપ અ.સ.એ ફરમાવ્યું હતુંઃ "હું મારા નાના (હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.) ની ઉમ્મતની સુધારણાં માટે આ કાર્યમાં લાગી ગયો છું" આપ અ.સ.ના આ વાક્ય ઉપરથી એ દિશાસૂચન મળે છે કે ઉમ્મત ૫૦ વરસમાં જ અવળે માર્ગે ચડી ગઈ હતી. એ વાત અંગે કોઈ બેમત નથી કે આપણે ફક્ત નબી સ.અ.વ.ની ઉમ્મત જ નથી પરંતુ સર્વશ્રેષ્ઠ ઉમ્મત પણ છીએ, તેથી આપણી જવાબદારીઓ પણ વધારે છે. તેથી આપણે વરસમાં ઓછામાં ઓછું એક વખત તો પોતાની જાત પાસે પોતાનો જ હિસાબ લેવો જોઈએ કે ક્યાંક આપણે પણ અવળે માર્ગે તો નથી ચડી ગયાં ને ! કે જેને કારણે આપણે હુસૈન અ.સ.ના વારસ હઝરત ઈમામે ઝમાના (અજ.)ની નારાજગી તો વહોરી નથી લેતાં ને ! અને આપ હઝરત (અજ.) ઉપર જે દુઃખના પહાડ તૂટી પડેલાં છે તે જ શું ઓછા છે કે ખુદા ન કરે આપણાં આમાલ પણ આપ (અજ.)ના દુઃખોમાં વધારાનું કારણ બને.

ફરઝન્દે ઝહરા સરકારે મઝલૂમ સૈયુદુશ્શોહદાને રસૂલ સ.અ.વ.ની ઉમ્મતની સુધારણાંની એટલી બધી ચિંતા હતી કે આપ અ.સ.એ પોતાનું સર્વસ્વ આ ધ્યેયની પ્રાપ્તિ કાજે જ લુટાવી દીધું હતું.

અલ્લાહ આપણને આ માર્ગમાં સફળતા અર્પે ! આમીન !!

વસ્સલામ

વાર્ષિક લવાજમ
રૂા. ૩૦૦/-

# નિય્યતના દરજ્જાઓ

(૧) ક્યારેક ખુદાના ક્રોધનો ભય અને ક્યારેક તેના તરફથી દયા-કૃપા અને ઈનામની લાલચ મનુષ્યને સદ્કાર્યો કરવા પ્રેરે છે જેમકે કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે "કે (તેઓ) મને આશા સાથે અથવા બીકને કારણે યાદ કરે છે"

(સૂરએ-અંબિયા-આયત-૯૦)

(૨) તેનાથી ઉચ્ચ દરજ્જો એ છે કે મનુષ્ય અલ્લાહની દયા અને કૃપાનો પાડ માનવા માટે સદ્કાર્યો કરે. અલ્લાહ તરફથી એ કાર્ય કરવા અંગે કોઈ સવાબ કે અઝાબ ન હોય તો પણ. આ અંગે હઝરત અલી અ.સ. ફરમાવે છે કે "જો પરવરદિગારે ગુનાહો અંગે અઝાબ (સજા)ની ધમકી ન આપી હોત તો પણ મનુષ્ય માટે જરૂરી હતું કે તેની નેઅમતોનો પાડ માનવા ખાતર પણ તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન (નાફરમાની) ન કરે (નહજુલ બલાગાહ-હિકમત-૨૯૦)





(૩) અને સર્વોચ્ચ દરજ્જો અલ્લાહની ખુશનુદી (કુરબત) છે એટલે કે મનુષ્ય જન્નતની આશા અને દોઝખના ભય વગર ખુદાની ઈબાદત કરે અને તે એટલા માટે અને એ આશયથી કે તે ખુદાને ઈબાદતને પાત્ર સમજીને ખુદાની ઈબાદત કરે.

(૪) અને આ દરજ્જાથી પણ ઉંચો દરજ્જો એ છે કે ખુદા પ્રત્યેનો શુધ્ધ અને નિઃસ્વાર્થ પ્રેમ મનુષ્યને સદ્‌કાર્યો તરફ પ્રેરે. દા.ત. હઝરત અલી અ.સ. પોતાની અલ્લાહના દર્શન અને મૃત્યુ માટેની લાલસાને એક દૂધ પીતા બાળકને પોતાની માતાના ધાવણ પ્રત્યે જે લાલસા હોય તેનાથી વધારે સમજતા હતા.

(નહજુલ બલાગાહ-ખુત્બો-૫)

હઝરત કાસિમ-ઈબ્ને-હસને-મુજતબા અ.સ. એ કરબલામાં ફરમાવ્યું હતું કે "અલ્લાહના કાજે જે મૃત્યુ હોય તે મારા માટે મધ કરતાં પણ વધારે મધુર છે."

# કરબલાની ખાક [માટી] પર સજદાનું મહત્વ

જો કે દરેક પાક માટી ઉપર અને દરેક પાક પથ્થર અને લાકડી ઉપર પણ સજદો જાઈઝ અને સહિહ છે પરંતુ તુર્બતે ઈમામ હુસૈન (ખાકે શીફા) ઉપર સજદાનું મહત્ત્વ અનન્ય છે.

ઈમામ સાદિક અ.સ. ખાકે કરબલા સિવાય બીજી કોઈ વસ્તુ ઉપર સજદો નહોતા કરતા.

ખાકે કરબલા પર સજદો :- સાત પર્દાઓને દુર કરે છે. નમાઝને ઉચ્ચ દરજ્જો અપાવે છે અને તેને કુબુલીયતના દરજ્જા સુધી પહોંચાડે છે અને નમાઝ પઢવાવાળાને પણ આ દુનિયાના વળગાડના ખાડામાંથી બહાર કાઢીને તેને જેહાદ અને શહાદતનો પરિચય કરાવે છે. (મુસતદરે-કુલ-વસાઈલ ભાગ-૪, પાન નં. ૪૮૪)

ખાકે હુસૈન (ખાકે શિફા) પર સજદો એટલે ઈમામત અને વિલાયત સાથેની નમાઝ.

ખાકે હુસૈન પર સજદો એટલે શહાદતની સાથે નમાઝ.

ખાકે હુસૈન પર સજદો એટલે એ લોકોની યાદને મહાન સમજવી કે જે લોકોએ નમાઝ માટે અને નમાઝના માર્ગમાં પોતાનું બલીદાન આપ્યું.



E-mail : hadimasik@yahoo.com

ખાકે હુસૈન પર સજદો એટલે દરેક રોજ આશુરા છે અને દરેક જગ્યા કરબલાની જગ્યા છે.

ખાકે હુસૈન પર સજદો એટલે અત્યાચારના મુકાબલામાં જીવ સટોસટની લડાઈ કરીને પણ પોતાને અપમાનિત ન થવા દેવું તે.

હા ! મઝારે હુસૈન જન્નતના બગીચાઓમાંથી એક બાગ અને જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો છે. ઈમામ હુસૈનના ગુમ્મદની નીચે દુઆ કબુલ થાય છે અને ત્યાં પઢેલી નમાઝ કબુલ થાય છે.

કરબલાની માટીમાંથી બનાવેલી તસ્બીહને ફક્ત હાથની આંગળીઓમાં ફેરવવામાં આવે તો પણ તેના માટે સુબ્હાનલ્લાહ ની તસ્બીહ જેટલો સવાબ મળે છે અને જો અલ્લાહના ઝિક્રની સાથે આ તસ્બીહ ફેરવવામાં આવે તો દરેક ઝિક્ર ૭૦ ગણો સવાબ ધરાવે છે.

અત્રે એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે કરબલાની માટી અંગે જે રીવાયતો આવે છે તે ઈમામ હુસૈન અ.સ.ની કબર ના ચાર (૪) માઈલના વર્તુળમાંથી લેવામાં આવતી માટી સંબંધિત છે.

આ બાબતમાં વધુ વિગતો "કામેલુઝ ઝિયારાત" નામના પુસ્તકમાં પ્રકરણ-૮-૯ માં આપવામાં આવેલ છે.






# ઈમામ મુસીયે કાઝીમ અ.સ.નું નૂર

**મુબારક નામ :** મુસા

**કુન્નીયત :** અબુલ હસન - અબુ અલી - અબુ ઈબ્રાહીમ

**લકબો (વિશેષણો) :** કાઝિમ - અબ્દે સાલેહ - સાબિર - અમીન વગેરે

**મહાન પિતા :** ઈમામ જાઅફર સાદિક અ.સ.

**આદરણીય માતા :** જનાબ હમીદા ખાતૂન

**જન્મ :** ૭ સફર, ૧૨૮ હિજરી

**જન્મ સ્થાન :** અબવાઅ (મક્કા અને મદીના વચ્ચે આવેલ એક સ્થળ)

**શહાદત :** ૨૫ રજબુલ મુરજ્જબ સને ૧૮૩ હિજરી

**શહાદતનું કારણ :** ઝેર (જે સનદી બીન શાહક મલઉન દ્વારા આપવામાં આવ્યું હતું)

**ઈમામતનો કાર્યકાળ :** લગભગ ૩૫ વર્ષ

**આપની મુબારક ઉંમર :** ૫૫ વર્ષ

**રવઝએ અકદસ :** કાઝમૈન (ઈરાક)



E-mail : hadimasik@yahoo.com

**સંતાનો :** ૩૭ (૧૮ દિકરાઓ, ૧૯ દિકરીઓ)

**સમકાલીન સમ્રાટો :** મનસુર દવાનીકી - મેહદી - હાદી - હારૂન રશિદ

**આપના પ્રખ્યાત સાથીઓ :** અલી ઈબ્ને યકતીન - અબુ મોહંમદ હુસામબીન અલ હકમ- અબુ મોહંમદ અબ્દુલ્લાહ બીન અલ મગીર - બજલી કુફી - હમાદ બીન ઈસા

**અંગુઠીનો નક્શ :** હસ્બેયલ્લાહ

## આપની ઈબાદત :

આપની ઈબાદત એટલી હતી કે સવારની નમાઝ પછી અલ્લાહના સજદામાં માથું ટેકતાં તો ઝોહરના સમયે સજદામાંથી ઉઠાવતા હતા અને આપ ગુનાહોથી પાક હતા તેમ છતાંય અલ્લાહની બારગાહમાં એવી મુનાજાત કરતા હતા કે "હે પરવરદીગાર તારા આ બંદાના ગુનાહ ખુબ વધારે છે તેથી હું તારી પાસે તેના પ્રમાણમાં જ બખ્શિસની યાચના કરૂં છું." અને તેને કારણે જ આપને રીવાયતોમાં "હલીફુસ્સજદતુલ તિવલ"ના લકબથી યાદ કરવામાં આવે છે. આપને કૈદખાનામાં રાખવામાં આવ્યા હતાં તે વખતે પણ તે બાબતમાં આપ ખુદાનો શુક્ર અદા કરતા હતા કે ઈબાદત માટે સર્વોત્તમ વાતાવરણ મળી ગયું છે.





## આપની કરામતો :

(૧) એક વ્યક્તિનું બયાન છે કે અલી બીન યકતીનએ મારી મારફત આપને કેટલાંક પ્રશ્નો મોકલ્યાં, મેં હઝરતને તે કવર આપી દીધું. આપે તેને ખોલ્યા વગર પોતાની બાંયમાંથી એક પત્ર કાઢીને મને આપ્યો અને ફરમાવ્યું કે આ અલી બીન યકતીનને આપી દેજો અને કહેજો કે આ તમારા પ્રશ્નોના જવાબ છે.

(૨) એક વ્યક્તિએ આપના એક સહાબી સાથે આપની સેવામાં ૧૦૦ દિનાર મોકલ્યા હતા તે સહાબીએ મદીના પહોંચીને એવું વિચાર્યું કે આ દિનારોને પાક કરી લેવામાં આવે. દિનારો પાક કર્યા પછી ગણ્યા તો એક દિનાર ઓછો હતો. તેણે પોતાની પાસેથી એક દિનાર નાંખી દઈને તે થેલી હઝરતની સેવામાં મુકી દીધી, તો આપે ફરમાવ્યું કે આને જમીન ઉપર ઠાલવી દો. તેણે તે દિનાર જમીન ઉપર ઠાલવી દીધા તો આપે દિનાર ગણ્યા વગર તે સહાબીને તેનો દિનાર પાછો આપી દીધો કે મોકલનારે વજન કરીને દિનાર મોકલ્યા હતા, ગણીને નહીં અને ગણતરીમાં મોકલેલ દિનારોની સંખ્યા ૯૯ જ હતી તેથી તમારે પોતાની પાસેનો દિનાર ઉમેરવાની જરૂર નહોતી.

(૩) અબુ હમઝા બતાએની નું બયાન છે કે એક વખતે હજના પ્રવાસમાં હું આપની સાથે હતો. માર્ગમાં એક જગ્યાએ એક સિંહ દેખાયો. તેણે આપની પાસે આવીને કંઈક કહ્યું, આપે પણ તેને તેની બોલીમાં જ જવાબ આપ્યો તેથી તે ચાલ્યો ગયો, મેં આ બાબતનું રહસ્ય પુછયું તો આપે ફરમાવ્યું કે આ સિંહની



E-mail : hadimasik@yahoo.com

સિંહણને કોઈ રોગ હતો તેણે મને દુઆ કરવા માટે વિનંતી કરી હતી અને મેં તેની બોલીમાં જ અલ્લાહની બારગાહમાં દુઆ કરી દીધી તે સાંભળીને સંતુષ્ટ થઈને તે ચાલ્યો ગયો.

### ઈમામતના સાક્ષ્ય :

(૧) મુફઝ્ઝલ બીન ઉંમર અલજાફી (એક ખુબ જ મહાન બુઝુર્ગ) એ ઈમામ સાદિક અ.સ.ને પુછયું કે આપના પછી ઈમામ કોણ છે જેની ઈમામતનો સ્વીકાર કરવામાં અને જેમની આજ્ઞાઓનું પાલન કરવામાં આવે ? ત્યારે આપે ફરમાવ્યું કે મારો ફરઝન્દ મુસા.

(૨) દાઉદ બીન કસીરએ એક વખત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને અરજ કરી કે આપના પહેલા પણ લોકો દુનિયામાંથી ચાલ્યા ગયેલા છે અને હવે જો આ ઘટના (આપની સાથે) ઘટે તો અમારે કોનું અનુકરણ કરવું ? ફરમાવ્યું મારા ફરઝન્દ મુસાનું.

### આપનો એક બોધ વચન :

પોતે જે ગુનાહ અગાઉ ક્યારેય કર્યા ન હોય તેવા ગુનાહો લોકો કરે છે ત્યારે ખુદા પણ તેમના માટે અગાઉ તેમણે ભોગવી ન હોય તેવી નવી - નવી તકલીફો પેદા કરે છે.



# આપણાં શીઆઓના અકીદાઓ

હપ્તો - પહેલો




હાલના યુગમાં શીઆ ઈસ્ના અશરી - પંથ (ફિરકો) મુસલમાનોનો એક મોટો પંથ છે. જેમની કુલ સંખ્યા કુલ મુસ્લિમ વસ્તીના ચોથા ભાગ જેટલી છે. આ પંથના ઐતિહાસિક મૂળ ઈસ્લામના ઇતિહાસના એ કેન્દ્રીય યુગ સાથે જોડાયેલાં છે કે જે દિવસે સૂરએ બય્યનાહની આ આયત નાઝિલ થઈ હતી. "ઈન્નિલ-લઝીના-આમનૂ-વ-અમેલુસ્સાલેહાતે-ઉલાએકા-હુમ-ખૈરૂલ બરીયાહ" (આયત-૭) "ખચિત રીતે જે લોકો ઈમાન લાવ્યા અને સદ્કાર્યો કર્યા તેઓજ સર્વશ્રેષ્ઠ લોકો (મખલૂક) છે."

આ આયત નાઝિલ થઈ ત્યારે રસૂલે ખુદા સ.અ.વ. એ પોતાનો હાથ હઝરત અલી અ.સ.ના ખભા ઉપર મુકયો, તે વખતે ત્યાં અસ્હાબ પણ હાજર હતા, અને આપે ફરમાવ્યું "યા અલીયો-અન્તા-વ-શીઅતોકા-હુમ-ખૈરૂલ બરીયાહ"



E-mail : hadimasik@yahoo.com

અર્થાત : હે અલી ! આપ અને આપના શીઆઓ જ સર્વશ્રેષ્ઠ મખલૂક છો. (તફસીરે-તિબરી-જામેઉલ બયાન) તે કારણે આ પંથ જે ઈમામ જાઅફરે સાદિકની ફિકહમાં તેમના અનુયાયી હોવાને કારણે તેમની સાથે સંકળાઈ ગયો અને શીઆ ફિરકા (શિઆ પંથ)ના નામે પ્રખ્યાત થયો.

શીઆ ફિરકાના અકીદાઓ (માન્યતાઓ)ની બાબતમાં આપણી શીઆઓની એ ફરજ છે કે આપણે પોતે પોતાના અકીદાઓને સારી રીતે સમજીએ, તે પ્રમાણે અમલ કરીએ અને જગતને આપણી સર્વશ્રેષ્ઠ માન્યતાઓની જાણકારી આપતાં રહીએ.

વહાલા બાળકો અને આદરણીય ભાઈઓ ! અમે આપણાં આ હાદી માસિક માં "અકીદાઓની જાણકારી" અંગે એક કોલમ શરૂ કરી છે તેને અવશ્ય વાંચજો-સમજજો અને એ સંદેશો અન્યો સુધી પણ પહોંચાડજો.



(ક્રમશઃ)

# મોઅજિઝા (અલૌકિક શક્તિઓ) અને અહલેબૈત અ.સ.




(ગયા અંકથી આગળ)

**મોઅજિઝાના પ્રકારો :**

માઅસૂમીન ત્રણ પ્રકારે મોઅજિઝો કરવાની શક્તિ ધરાવે છે.

**(૧) દુઆ :-** આપ લોકોની દુઆઓ ખુદાની બારગાહમાં હંમેશા કુબુલ થતી હતી એટલે કે આપ "મુસ્તજાબુદ્દાઅવાત" હતા એટલે કે આપ ઘણી બધી બાબતોમાં ખુદાની બારગાહમાં દુઆ કરતા અને તે પ્રમાણે તરત જ થઈ જતું હતું. દા.ત. અસાધ્ય રોગોના બીમારોને સાજા કરી દેવા - દુકાળમાં વરસાદ - મૃત્યુ પામેલ વ્યક્તિને જીવતો કરી દેવો - જમીન - પત્થરોમાંથી પાણીના ઝરણાં પ્રગટ કરવા વિગેરે.

**(૨) વિલાયત અને તર્સરૂફ :-** એટલે કે આપ હઝરાતને પરવરદિગાર તરફથી એવી શક્તિ મળેલી હતી કે સામાન્ય રીતે બની શકે તેવી ન હોય તેવી અસામાન્ય ઘટનાઓ આપ અ.સ. અંજામ દઈ શકતા હતા. અન્ય કોઈ ન કરી શકે તેવા કામ આપ કરી શકતા હતા. દા.ત. ગૈબની બાબતો પોતાના ખાસ ચાહવાવાળાઓ ઉપર જાહેર કરી દેતા હતા. દા.ત. આશૂરાની રાત્રીએ ઈમામ હુસૈન અ.સ.એ પોતાના તમામ સાથીઓને જન્નતમાં તેમને ક્યું સ્થાન મળવાનું છે તે દેખાડી દીધું હતું.



**(૩) ઈલાહી જ્ઞાન :-** આપ અ.સ. ગુપ્ત અને ગૈબી બાબતોની જાણકારી ધરાવતા હતા અને ઈલાહી જ્ઞાન (ઈલ્મે ઈલાહી) વડે આપ અ.સ. ગુપ્ત અને



E-mail : hadimasik@yahoo.com

ગૈબની બાબતોની જાણકારી આપી દેતા હતા અને વિરોધીઓ (અસત્યનું આચરણ કરનારાઓ) ની યુક્તિ-પ્રયુક્તિઓને આ રીતે નિષ્ફળ બનાવી દેતા હતા. એક વખત ઈમામ અલી અ.સ. ગૈબની વાતો જણાવી રહ્યા હતા ત્યારે આપના એક ચાહવાવાળાએ પુછયું "મૌલા ! આપ ઈલ્મે ગૈબ ધરાવો છો ? ઈમામ અ.સ. એ ફરમાવ્યું "ના-ઈલ્મે ગૈબ નથી. પરંતુ સાહિબે ઈલ્મ-(ઈલ્મ ધરાવતા ખુદા અને રસૂલ સ.અ.વ.)નો ઈલ્મ છે. (નહજુલ બલાગાહ - ખુત્બો - ૧૨૮)

એટલે ખુદા આ ભેટ પોતાના ખાસ બંદાઓને અતા કરે છે. ઈર્શાદ થયેલ છે કે "ખુદા ગૈબની જાણકારી રાખે છે અને કોઈપણ તેના ગૈબી રહસ્યોથી જાણકાર થઈ શકતો નથી., સિવાય કે અલ્લાહનો સંદેશો પહોંચાડનારાઓમાં તેના એ બંદાઓ કે જેનાથી ખુદા રાજી થાય છે (સૂરએ જિન. આ. ૨૬-૨૭)

**વિશેષ નોંધ :-** મોઅજિઝો કરનાર તે અંગે દાવો કરીને મોઅજિઝો કરી બતાવે છે અથવા તેની કૌમ અથવા લોકોના સમુહ (તેની સત્યતાની સાબિતી માટે) તેની પાસે માંગણી કરે ત્યારે તેવું કરી બતાવે છે. કોઈપણ કારણ વગર થતી ઘટનાઓ દા.ત. ક્યાંકથી લોહી - અશ્રુ - પાણી ટપકવું - પ્રકાશ - પડછાયો - કોઈ તસ્વીર - નિશાબે કદમ(પગલાંની છાપ) વિગેરેનું દેખાવું - કોઈ અવાજ સંભળાવો - મોઅજિઝો નથી હોતો. આ કોઈ કારણે પ્રગટ થયેલ ઘટના અથવા લોકોને ગેરમાર્ગે દોરવા માટેની યુક્તિ-પ્રયુક્તિ હોય છે. કેટલીક વખત અલ્લાહના અવલિયા તરફથી કોઈ ઘટના બની શકે છે દા.ત. કોઈ મઝારથી રોગ મુક્ત થઈ જવું - આ કરામત કહેવાય છે. રૂઢી પ્રયોગમાં આ ઘટનાને મોઅજિઝો કહેવામાં આવતી નથી.





# ઉંટનો મઝાર

હઝરત ઈમામ સાદીક અ.સ.એ ફરમાવ્યું છે કે ઈમામ અલી ઈબ્નુલ હુસૈન અ.સ. (ઈમામ ઝૈયનુલ આબેદીન અ.સ.) એ પોતાના અંતિમ સમયે ઈમામ મોહંમદ બાકીર અ.સ.ને વસીયત ફરમાવી હતી કે, “હે પુત્ર ! હું આ ઉંટ ઉપર સવારી કરીને ૨૦ વખત ખાનએ ખુદાની ઝિયારત માટે ગયો છું અને ક્યારેય તેને એક સોટી પણ મારવી ન હતી પડી, જ્યારે આ મરી જાય તો તેને દફન કરી દેજો જેથી કરીને તેનું






શરીર માંસભક્ષી પ્રાણીઓથી સુરક્ષિત રહે કેમકે રસુલે ખુદા સ.અ.વ.નું ફરમાન છે કે જે કોઈ ઉંટ સાત વખત અરફાતના મેદાનમાં રહ્યો હોય તો ખુદાવંદે આલમ તેને જન્નતની નેઅમતો બક્ષે છે અને તેની નસલમાં બરકત આપે છે.”

તેથી જ્યારે તે ઉંટ મરી ગયો ત્યારે ઈમામ મોહંમદ બાકિર અ.સ.એ તેને દફન કરાવી દીધો હતો (સવાબુલ અઅમાલ પાન નં. ૫૦, અલ મુહાસીન ભાગ-૨, પાન નં. ૬૩૫)

શું તમે પણ ક્યારેક પ્રાણીઓ સાથે મહેરબાની ભર્યો વ્યવહાર કર્યો છે !!!





# શિક્ષણનો અધિકાર

(ગયા અંકથી આગળ)

દા.ત. પોતાની ફરજોના વર્ણનની પુસ્તિકામાં વર્ણન કરતા લખવામાં આવ્યું છે કે "તમારી પ્રજાના અધિકારની વાત કરીએ તો તમને એનું જ્ઞાન હોવું જોઈએ કે ખુદાએ તમને આધિપત્ય એટલા માટે આપ્યું છે કે તમને વિદ્યા અને જ્ઞાન આપ્યા છે અને તમારા માટે વિદ્યા અને જ્ઞાનના ખજાના ખુલ્લા મૂકી દીધા છે તેથી તમારૂં એ કર્તવ્ય છે કે તમો લોકોને શિક્ષણ આપી તેમના ઉપર ઉપકાર કરો. (નોંધ :ઉપકાર એવા કાર્યને કહેવામાં આવે છે કે જેનો કોઈ બદલો લેવામાં આવ્યો ન હોય તેથી અહીંયા એવો અર્થ નીકળે છે કે કોઈ શિક્ષણ આપીએ તો તેનો બદલો-કે-અવેજ લેવો જોઈએ નહીં. શિક્ષણ આપવાનું કાર્ય અવેજ લીધા વગર ઉપકાર તરીકે કરવું જોઈએ) તેમની સાથે ઉદારતા ભર્યો વર્તાવ કરો - અને તેમની સાથે (શિક્ષણ આપતી વખતે) સખ્તાઈપૂર્વક ન વર્તો. (જો તમે એવું કરશો) તો ખુદા તઆલા તમારી મહાનતા (ફઝલ) અને સુશિલતામાં વૃધ્ધિ કરશે. પરંતુ જો તમે પોતાના જ્ઞાનને લોકો સુધી પહોંચાડશો નહીં અને યાચના કરવામાં આવે ત્યારે તેમની (લોકોની) સાથે ખોટું બોલશો (એટલે કે લોકોને એવું કહેવામાં આવે કે મારી પાસે આ


E-mail : hadimasik@yahoo.com

જ્ઞાન નથી) તો અલ્લાહ તઆલાને એવો અધિકાર છે કે તે તમારી પાસેથી જ્ઞાન અને બુધ્ધિને ઝૂંટવી લે અને લોકોના મનમાંથી તમારા પ્રત્યેના આદરને ખત્મ કરી દે. (બિહારૂલ અનવાર - ભા. ૨, પા. ૬૨)

અને શિષ્યની ગુરૂ પ્રત્યેની ફરજનું વર્ણન કરતાં ફરમાવ્યું છે કે "શિષ્યની ફરજ છે કે તે પોતાના ગુરૂને માન અને આદર આપે, તેની વાતને ધ્યાનપૂર્વક સાંભળે. તેની સામે મોટા સાદે બોલે નહીં, અને જો કોઈ વ્યક્તિ ગુરૂને કાંઈ પુછે તો પોતે જ તેનો જવાબ આપે નહીં - પરંતુ ગુરૂને જ તેનો જવાબ આપવા દે. તેની સમક્ષ બીજાઓ સાથે વાતોમાં ન લાગી જાય અને તેની સમક્ષ કોઈ ચાડી - ચુગલી કરે નહીં, જો કોઈ તેની (ગુરૂની) બુરાઈ કરે તો તેનો (ગુરૂનો) બચાવ કરે અને તેનામાં કોઈ એબ (ખોડ-ખાંપણ અથવા ખોટી ટેવ) હોય તો તેને ગુપ્ત રાખે. તેની મહાનતાનો પ્રસાર કરતો રહે. તેના શત્રુને સાથ ન આપે અને તેના કોઈપણ મિત્ર સાથે દુશ્મનાવટ ન રાખે. જો તું પોતાની આ ફરજો સારી પેઠે નિભાવશે તો ફરિશ્તાઓ સાક્ષી પુરશે કે તે જ્ઞાનની પ્રાપ્તિ અલ્લાહના કાજે કરી હતી. લોકો (ને દેખાડવા) માટે નહીં અને જ્ઞાન પ્રાપ્તિના કાર્યમાં તારું લક્ષ્ય ફક્ત અલ્લાહનો રાજીપો (ખુશનુદી) હતો. (હસન અસ્સૈયદ અલી કબાનજી કૃત અધિકારો ફરજોની પુસ્તિકાની માર્ગદર્શિકા : ભા-૧, પા. ૪૦૯)"



# અઝાદારીના વિવિધ જુલુસો













E-mail : hadimasik@yahoo.com




اللهم ارزقنا شفاعه الحسین (ع) یوم الورود













# સફર માસની ઘટનાઓ

**૧-સફર :**




(૧) આજના દિવસે સને ૩૮ હિજરીમાં આપણાં મૌલાની સાથે સિરીયા (શામ)ના હાકેમની લડાઈ થઈ હતી. જેમાં બંને પક્ષે મોટું સૈન્ય હતું. તે ‘સિફ્ફીનની લડાઈ’ કહેવાય છે.

(૨) આજના દિવસે કરબલાની લડાઈ પછી ‘કરબલાના બંધકો’નો કાફલો સિરીયા (શામ) પાસે પહોંચ્યો હતો. જ્યાં યઝીદીઓએ ઢોલ નગારા વગાડીને નાચ-ગાન સાથે કરબલાના બંધકોને અપમાનિત કરીને પ્રવેશ કરાવ્યો હતો.

---

**૨-સફર :**

(૧) આજના દિવસે ‘કરબલાના બંધકો’ને યઝીદના દરબારમાં પેશ કરવામાં આવ્યા હતા.



(૨) આજના દિવસે આપણા ચોથા ઈમામના પુત્ર જનાબ ઝૈદને કૂફામાં સને ૧૨૧ હિજરીમાં ફાંસી આપીને શહીદ કરવામાં આવ્યાં હતાં.



**૭-સફર :**

આજનો દિવસ આપણા સાતમા ઈમામ હઝરત મૂસા કાઝિમ (અ.સ.)નો જન્મ દિવસ (વિલાદતનો દિવસ) છે. આજનો દિવસ ખુશાલીનો દિવસ છે.




**૮-સફર :**

આજના દિવસે આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.)ના એક મહાન સહાબી જનાબ સલમાન ફારસીનું અવસાન થયું હતું. તેમને ગુસલ અને કફન આપણા મૌલા એ જ આપ્યું હતું.



**૯-સફર :**

(૧) આપણાં પહેલા ઈમામના બે સાચા મિત્રો જનાબ અમ્માર યાસિર અને જનાબ ખુઝૈમા બિન સાબિતની શહાદત આજના દિવસે "સિફ્ફીનની લડાઈ"માં થઈ હતી.



(૨) સને ૩૮ હિજરીમાં આજના દિવસે આપણાં મૌલાના સંનિષ્ઠ મિત્ર અને મુસલમાનોના પ્રથમ ખલીફાના પુત્ર મુહમ્મદ બિન અબીબક્રની શહાદત થઈ હતી. મુઆવિયાએ આપને ઝેર અપાવીને શહીદ કરાવ્યાં હતાં.

(૩) આજના દિવસે સને ૩૯ હિજરીમાં "નહરવાન" નામની લડાઈ થઈ હતી. જેમાં આપણા મૌલાએ ઈસ્લામના શત્રુઓ પર વિજય મેળવ્યો હતો.

---

**૨૦-સફર :**



(૧) આજનો દિવસ આપણા આકા અને મૌલા ઈમામ હુસૈન (અ.સ.) અને "શોહદાએ કરબલા"ના ચાલીસમાં (ચેહલુમ)નો દિવસ છે. આજનો દિવસ ઘણાં મોટા શોકનો દિવસ - ગમ મનાવવાનો દિવસ છે.

(૨) આજના દિવસે "એહલેબૈતે હુસૈન" સિરીયા (શામ)થી કરબલા પહોંચ્યા હતાં.

---

**૨૮-સફર :**

(૧) આજના દિવસે આપણાં નબી (સ.અ.વ.)ની વફાત થઈ હતી.



(૨) આજના દિવસે સને ૫૦ હિજરીમાં આપણાં બીજા ઈમામ હઝરત ઈમામ હસન (અ.સ.)ને મુઆવિયાએ ઝેર આપી શહીદ કરાવી દીધાં હતાં.



# ઈમામ હસન (અ.સ.)ની શહાદત

આપણાં બીજા ઈમામ હઝરત હસન (અ.સ.) ૧૫મી રમઝાન સન-૩ હિજરીમાં દુનિયામાં તશરીફ લાવ્યા હતાં. આપના વાલિદે ગિરામી હઝરત અલી (અ.સ.) અને વાલિદા જનાબે ફાતેમા ઝહરા (સલા.) હતાં. આપ રસૂલે ખુદા (સ.અ.વ.)ના મોટા દોહિત્ર (નવાસા) હતાં.

સન ૪૦ હિજરીમાં મૌલા અલી (અ.સ.)ની શહાદત પછી ઈમામતની જવાબદારી આપે સંભાળી હતી અને ૨૮ સફર સન ૫૦ હિજરીમાં ઝેર આપવાને કારણે આપની શહાદત થઈ હતી. તે વખતે આપની વય ૪૭ વરસની હતી. જયારે ઈમામ હુસૈન (અ.સ.) આપના જનાઝાને દફન કરવા લઈ જતાં હતા ત્યારે આપના જનાઝા ઉપર પણ તીર વરસાવવામાં આવ્યાં હતાં. છેવટે ઈમામ હુસૈન (અ.સ.)એ આપને જન્નતુલ બકીઅ (કબ્રસ્તાનનું નામ) માં દફન કર્યા હતાં.

આપણા સલામ હો તે પવિત્ર કબર પર જેના ઉપર ઝાલિમોની પાબંદીઓને કારણે આજે કોઈ દીવો કરનાર પણ નથી.





# નેક (સદ્‌ચરિત્રવાળી) અને ખરાબ પુત્રીઓના લક્ષણો

ઈસ્લામના અને નૈતિક શાસ્ત્રના જુદા-જુદા પુસ્તકોમાં નેક : સદ્‌ચારિત્ર ધરાવતી સુશીલ અને ખરાબ તેમજ કુટેવો ધરાવતી પુત્રીઓના જે લક્ષણો વર્ણવવામાં આવ્યા છે તે પૈકી કેટલાંક નીચે મુજબ છે.

## નેક : સદ્‌ચરિત્ર ધરાવતી અને સુશીલ પુત્રીઓના લક્ષણો :

(૧) એકબીજા સાથે સારો-પવિત્ર અને દીની સંબંધ રાખે છે.

(૨) પોતાની દીન સંબંધેની (શરીઅત સંબંધેની) અને સામુહિક જવાબદારીઓથી વાકેફ હોય છે અને તે પ્રમાણે જ વર્તન કરતી હોય છે.

(૩) પોતાની લાગણીઓ અને ઈચ્છાઓને શરીઅતની મર્યાદાઓમાં રહીને જ સંતોષતી હોય છે અને ખોટી રીતભાતથી અંતર રાખતી હોય છે.

(૪) પોતાની સખીઓ સાથે શરીઅતની મર્યાદાઓમાં રહીને પ્રેમ તથા ઉમળકાભર્યું વર્તન કરતી હોય છે.

(૫) આવવા-જવામાં ઘરમાં અને ઘરની બહાર બધે જ મહરમ (સ્વપુરૂષ જેનાથી પરદો કરવાની જરૂર ન હોય તેવા પુરૂષ) અને નામહરમ (પરપુરૂષ કે જેનાથી પરદો કરવો વાજિબ છે તેવા પુરૂષ) સમક્ષ જવાની બાબતે શરીઅતની મર્યાદાઓ જાળવતી હોય છે.

(૬) ઉચ્ચ વિચારસરણી ધરાવતી-મક્કમ ઈચ્છા શક્તિવાળી - સ્વાભિમાનથી ભરપૂર પોતાની જાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ ધરાવતી પવિત્ર ચારિત્ર ધરાવતી અને સારી રીતભાત ધરાવતી હોય છે.


E-mail : hadimasik@yahoo.com

## ખરાબ : ચારિત્રવાળી અને કુટેવો ધરાવતી પુત્રીઓના લક્ષણો :

(૧) ઈમાન અને નૈતિકતાની જાણકારીમાં નબળી હોય છે.

(૨) પોતાની સખીઓ સાથે ઈર્ષા ધરાવતી હોય છે.

(૩) દરેક બાબતે તેના દેખીતા કારણોથી પ્રભાવિત થઈને તે અંગે ચિંતન અને મનન કર્યા વગર તેના ખોટા-ખરાબ અસર તળે આવી જતી હોય છે.

(૪) પોતાની સખીઓ સાથે ખરાબ વ્યવહાર કરતી હોય છે. કુટુંબની વ્યક્તિઓ અને અન્ય લોકો સાથે (બધાની સાથે)નો તેમનો વ્યવહાર-રીતભાત-વાતચીત કરવાની પધ્ધતિ ખરાબ હોય છે.

(૫) પોતાના વ્યક્તિગત અને સામુહિક જીવનમાં જુઠાણાંથી કામ ચલાવતી હોય છે.

(૬) વાતચીત અને કામકાજ કરવાની પધ્ધતિમાં ગંભીરતા જોવા મળતી નથી.

(૭) સ્વાર્થ - સ્વકેન્દ્રીયતા-ઘમંડ અને અભિમાન જેવા ખરાબ લક્ષણો ધરાવતી હોય છે.

(૮) સ્ત્રી સહજ લજ્જા - પવિત્રતા-શીલ-અને સ્વચ્છતાની ટેવોનો અભાવ જોવા મળે છે.

(૯) પરદાની મર્યાદાનું પાલન કરતી હોતી નથી.

**નોંધ : સંતાનો -(દિકરો હોય કે દિકરી) - ના ઉછેર અને તેના સારા કે ખરાબ હોવાની બાબતે માતા-પિતા અને અભિવાહકની કાળજીની ઘણી અસર પડે છે. સંતાનો ઘણું કરી પોતાના માતા-પિતા અને વડીલોના ચારિત્ર-ટેવો-કુટેવોથી પ્રભાવિત થતા હોય છે તેથી મા-બાપ માટે જરૂરી છે કે તેઓ પોતાના સંતાનોમાં જે ટેવો જોવા માંગતા હોય તે ટેવો પ્રથમ પોતે અપનાવે તો જ તેમના સંતાનોમાં પણ તેવી ટેવો ઉતરી આવશે.**



# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**




**મીઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
જુનો, કડીયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



**ઝહીર અબ્બાસ ફીરોજઅલી પોપટીયા**
સુલેમાન ખાકુ પાર્ક સોસાયટી, રાજુલા.



**મીઠવાણી સજ્જાદ રઝા હબીબઅલી**
જુનો, કડીયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.




**રવજાણી રેઝાઅલી. એ.**
હ. અબ્બાસ (અ.સ.) પાર્ક, હાઈસ્કુલની બાજુમાં, વરતેજ.



# દસ ગણો સવાબ

**સવાલ :** શું દરેક નેક કામ માટે દસ ગણો સવાબ અને બદલો મળશે ?

**જવાબ :** કુરઆને મજીદમાં ઈર્શાદ થયેલ છે કે "જે કોઈ વ્યક્તિ કોઇ નેક કાર્ય લઈને આવશે તેને દસ ગણો સવાબ (બદલો) આપવામાં આવશે (સુરએ અન્આમ-આયત-૧૬૦)

કોઈપણ વસ્તુને તેના ધ્યેય સુધી પહોંચાડવું તે અગત્યનું હોય છે.

દા.ત. તમે ઘરવપરાશ માટે પાણીની ડોલ ભરો તો ખરાં પરતું ઘરે પહોંચડતા પહેલા તે રસ્તામાં ઢોળાઈ જાય તો તે પાણી ભરવાની મહેનતનો કોઈ અર્થ રહેતો નથી. એટલે કે કોઈ વસ્તુ તેના લક્ષ્ય સ્થાન સુધી ન પહોંચી શકે અને માર્ગમાં જ નાશ પામે તો તેની કોઈ કિંમત રહેતી નથી.

તેવી જ રીતે ઘણાં કામો દેખીતી રીતે તો નેક કામ તરીકે જ કરવામાં આવતાં હોય છે પરંતુ વચ્ચે અનેક આફતોને કારણે તે કાર્યો તેના લક્ષ્યસ્થાન સુધી પહોંચી શકતા નથી. દા.ત.

★ કેટલાંક કાર્યોનો આરંભ જ આડંબર અને પ્રદર્શન (લોકોને દેખાડવા) પુરતું હોય છે તેમાં અલ્લાહની ખુશ્નુદી પ્રાપ્ત કરવાની ભાવનાનો સદંતર અભાવ જ હોય છે.

★ કેટલાંક કાર્યો વચ્ચે જ ઘમંડ અને અભિમાનને કારણે નાશ પામે છે.

★ કેટલાંક નેક કાર્યો કર્યા પછી કોઈ એવો ગુનાહ થઈ જાય છે જે ગુનાહ તે નેક કાર્યની અસરને નાશ કરી દે છે.

ઉપરોક્ત ત્રણ પરિસ્થિતિઓમાં નેક કામ તો થયેલાં જ હોય છે પરંતુ પોતાના લક્ષ્ય સુધી સુરક્ષિત રીતે પહોંચી શકતા નથી તેથી જ કુરઆનમાં ફરમાવવામાં આવ્યું છે કે "જો નેક કામ લઈને આવશો તો દસ ગણો સવાબ મળશે." (સૂરએ અન્આમ આયત-૧૬૦)



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**







અલી મેહદી જાફરી
રાજુલા.




બુખારી અકરમ રઝા દાઉદઅલી
ધંધુકા.



રવજાણી મહમ્મદ અબ્બાસ મુનીર અબ્બાસ
જુનો કડીયાળી રોડ, સુલેમાન ખાકુ પાર્ક, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હુસૈન અ.સ.ની નવી ઝરીએ મુબારક



## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

E-mail : hadimasik@yahoo.com




# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


